ફક્ત 100 દાખલા ની લિમિટ છે, જે 4 થી 5 દિવસ માતો તો પતી ગયા બાકીના દિવસોમાં શું કરવું ?

# બોડેલી તાલુકાના જબુગામ ખાતે જન્મ - મરણના દાખલાની લિમિટ વધારવા માટે લોક માંગ

**આ** પરિસ્થિતિમાં જબુગામ ગ્રામ પંચાયત ખાતે આવેલ VCE ને ફક્ત 100 જ દાખલાની લિમિટ આપવામાં આવેલ

(પ્રતિનિધિ) બોડેલી, તા.02

છોટાઉદેપુર જિલ્લામાં આવેલ જબુગામ ખાતે જન્મ મરણ ના દાખલા માં લિમિટ વધારવા માટે લોક માંગ ઉઠી છે. જબુગામ જ્યાં CHC હોસ્પિટલ આવેલ છે જ્યાં થોડા સમય અગાઉ મહિનાની 300 ઉપર ડીલીવરી થતી હતી. જ્યારે હાલ સરકારના નિયમો અનુસાર વિદ્યાર્થીઓને જન્મ ના દાખલાઓમાં કેટલાક સુધારા વધારા કરાવવાના હોય છે. કેટલાક લોકોને પાસપોર્ટ માટે સુધારા વધારા કરાવવાના હોય છે અને કેટલાક નવા જન્મ ના દાખલા કઢાવવા આવતા હોય છે. કેટલાક મરણ થતા હોય છે. તો આ પરિસ્થિતિમાં જબુગામ ગ્રામ પંચાયત ખાતે આવેલ VCE ને ફક્ત 100 જ દાખલાની લિમિટ આપવામાં આવેલ છે. જ્યારે જબુગામ ગામમાં રોજની અંદાજિત 25 થી 30 જેટલી સુધારા વધારા તથા નવા જન્મ ના દાખલા માટેની અરજીઓ આવતી હોય છે. આ પરિસ્થિતિમાં VCE ને ભારે અગવડ પડતી હોવાથી અનેક વખતે તો કેટલાક લોકો સાથે તુ તુ મેં મે પણ થતી હોય છે. જેથી



કરીને જન્મ મરણના દાખલાની લિમિટ વધારવામાં આવે એવી લોક માંગ ઉઠી છે.

આ બાબતની રજૂઆત જબુગામ ગ્રામ પંચાયત દ્વારા જિલ્લા વિકાસ અધિકારી તથા તાલુકા વિકાસ અધિકારીને પણ કરવામાં આવેલ છે. છતાં પણ અત્યાર સુધી કોઈ નિરાકરણ આવ્યું નથી આજે ત્રણ તારીખ થઈ છે 40 થી 50 જેટલા દાખલા નીકળી ગયા અને ઢગલે બંધ અરજીઓ પેન્ડિંગ પડેલ છે, અને દાખલાઓ પતી ગયા એવું જણાવવામાં આવતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. વિદ્યાર્થીઓને કોઈ કારણસર શાળામાં દાખલા આપવા પડતા હોય છે. તે ન મળતા તેમને પણ ભારે અગવડ પડે છે ત્યારે તેમના ભણતરનું શું?

## પાદરા પાસે એક્સપ્રેસ હાઈવે પર ઈકો કાર પલટી, બાળકીનું કરૂણ મોત

પાદરા. તા. 2

પાદરા તાલુકાના સરસવણી ગામની સીમમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર બેફામ ઝડપે દોડતી ઈકો કાર પલટી જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં એક બાળકીનું મોત નિપજતાં પરિવારમાં શોકનો માહોલ છવાયો છે, જ્યારે અન્ય ચાર લોકોને ઈજાઓ પહોંચી છે.

મળતી માહિતી મુજબ ગતરોજ મારૂતિ સુઝુકી ઈકો કાર નો ચાલક સોમાભાઈ ઉર્ફે લકી સામતભાઈ કાંગસિયા (રાઠોડ), રહે. સુરત, પોતાની કાર બેફામ ઝડપે હંકારી રહ્યો હતો. સરસવણી ગામની સીમમાં ભારત પેટ્રોલ પંપ નજીક પહોંચતા કારનું પાછળનું ટાયર ફાટી જતા વાહન બેકાબૂ બની પલટી ખાઈ ગયું હતું.અકસ્માતમાં કારમાં સવાર રાજુભાઈ ધીરાભાઈ કાંગસિયા ને ડાબા હાથની કોણીએ સાધારણ ઈજા પહોંચી હતી.

આ તમામ ગાડીઓની કુલ કિંમત આશરે 54 લાખ રૂપિયા જેટલી થાય છે

# ભરૂચમાં ટ્રાવેલ્સ કંપનીના નામે છ અર્ટીકા અને રૂમિયોન ગાડીઓ ભાડે લઈને રૂ.54 લાખ ન આપતા ગુનો દાખલ

(પ્રતિનિધિ) ભરૂચ,તા.2

ભરૂચ શહેરના ભોલાવ વિસ્તારમાં સુર્યા ટ્રાવેલ્સના નામે ચાલતી એક ખાનગી કંપની દ્વારા છ છ અર્ટીકા અને રૂમિયોન ગાડીઓને ભાડે લઈ જઈ તેની છેતરપિંડી કરવાનો ગુનો સામે આવ્યો છે. આ મામલે પીડિત ખેડૂત દ્વારા સી ડીવીઝન પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

મૂળ ઝઘડિયાના ફૂલવાડી ગામનાં અને હાલમાં ભરૂચ તાલુકાના સિંધોત ગામે રહેતા હેંમતભાઈ રમેશભાઈ પટેલ, તેમણે પોતાની બે અર્ટીકા ગાડીઓ ઓમકારસિંહ ધરીયા હાલ રહે-મારુતિધામ ફ્લેટ્સ છાણી જકાતનાકા સામે નિઝામપુરા,વડોદરા,મૂળ રહે-ફિચવાડા,તા-ઝઘડીયા,ભરૂચને ભાડે આપી હતી. આરોપી ઓમકારસિંહે ભરૂચના ભોલાવ સ્થિત ગોલ્ડન સ્ક્વેર ખાતે પીડિત સાથે મુલાકાત કરીને દર મહિને રૂ. 45,000 ભાડું આપવાની અને એક વર્ષનો કરાર કરી આપવાની લાલચ આપી હતી.

કરારમાં ગાડીઓ વેચવા કે ગીરો ન રાખવાની શરત રાખી હતી. તેમને ઓમકારસિંહએ શરૂઆતના ત્રણ મહિનાનું ભાડું તો ચૂકવી દીધું હતું, પરંતુ ઓક્ટોબર 2025 પછીનું ભાડું બાકી રાખ્યું હતું. જ્યારે પણ ગાડીઓ પરત માગવામાં આવી ત્યારે બહાના કાઢીને વાયદા ટાળતા હતા. છેલ્લે 24 ફેબ્રુઆરી 2026ના રોજ વોટ્સએપ પર વાત કરીને પણ ગાડી પરત કરવાની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ તે પૂર્ણ ન થતાં છેતરપિંડીનો અહેસાસ થયો.

ફરિયાદમાં તેમણે GJ-16-DP-8647 (કિંમત રૂ. 8 લાખ) અને GJ-16-AY-3801 (કિંમત રૂ. 10 લાખ) ઉપરાંત તેમના પાંચ અન્ય મિત્રોની ચાર ફોરચ્યુનર ગાડીઓનો પણ સમાવેશ થાય છે. પ્રવિણભાઈ મારવાડીની GJ-16-AY-3493 (રૂ. 9 લાખ), શાહનવાઝ પટેલની GJ-16-AY-3404 (રૂ. 9 લાખ), હરેશભાઈ પટેલની GJ-16-DS-9047 (રૂ. 8 લાખ) અને તરૂણભાઈ ભગલાણીની GJ-06-RE-3598 (રૂ. 10 લાખ) મળીને કુલ છ ગાડીઓ છે.

# બોડેલી માય સાનેન સ્કૂલમાં શિક્ષક મંડળ સહિત નાના ભૂલકાઓ સાથે હોળી પ્રગટાવી

**હાલની** જનરેશનને લાગણીનો અનુભવ કરાવવા હોળી અને રંગોના તહેવારની ઉજવણી

(પ્રતિનિધિ) બોડેલી, તા.2

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે આવેલ માય સાનેન સ્કૂલ માં આજ રોજ તારીખ ૨ માર્ચ,૨૦૨૬ ને સોમવાર ના રોજ જે.સી. ટી ગૃપ સંચાલિત માય શાનેન સ્કૂલ, બોડેલી ખાતે વિધાર્થીઓ માં ધાર્મિક તહેવારો નું મહત્વ અને પરંપરા જળવાઈ રહે તે હેતુસર હોળી નું મહત્વ સમજાવવા અને તહેવાર પ્રત્યે હાલની જનરેશનને લાગણી નો અનુભવ કરાવવા હોળી અને રંગોના તહેવાર ની



ઉજવણી કરવામાં આવી હતી. તેમાં શાળા પરિવાર સહિત વિદ્યાર્થીઓ મળી ને હોળી પ્રગટાવીને હોળીમાતાનુ પુજન કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ રંગો દ્વારા ધૂળેટીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નાના નાના ભૂલકાઓ રંગબેરંગી કલરોથી રંગાઈ ગયા હતા જેમાં માય શાનેન શાળા ના ચેરમેનશ્રી, ટ્રસ્ટીશ્રી, શાળાના હેડ, બને માધ્યમના આચાર્યશ્રી ,શિક્ષકગણ તેમજ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા એકબીજા ને રંગ લગાડી ને ઉત્સાહ ભેર હોળીના પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

શિનોર તાલુકાના સેગવા ગામ નજીકની ઘટના

# નર્મદા કેનાલમાં 20 વર્ષીય યુવક ડૂબી ગયાની આશંકા





(પ્રતિનિધિ) શિનોર, તા.2

મળતી માહિતી મુજબ વડોદરા શહેરના વાઘોડિયા રોડ વિસ્તારમાં રહેતા હર્ષિલ મહેશ વસાવા હોળીનો તહેવાર ઉજવવા માટે શિનોર તાલુકાના મોટા કરાળા ગામે તેમના નાના ના ઘરે આવ્યા હતા. ગત રોજ બપોરે ઘરેથી નીકળ્યા બાદ તેઓ પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. શોધખોળ દરમિયાન સેગવા ગામ નજીક નર્મદા કેનાલના ગેટ પાસે હર્ષિલ વસાવાના કપડાં અને મોબાઈલ ફોન મળી આવતા પરિવારજનોએ કેનાલમાં ડૂબી જવાની આશંકા વ્યક્ત કરી હતી. પરિવારજનોએ તાત્કાલિક કરજણ ફાયર વિભાગને જાણ કરતા ફાયર ટીમ ઘટના સ્થળે દોડી આવી અને કેનાલમાં યુવકની શોધખોળ હાથ ધરી હતી. જોકે મોડી સાંજ સુધી યુવકનો કોઈ પત્તો લાગ્યો ન હતો. ઘટનાને લઈને સ્થાનિકોમાં ચિંતા નો માહોલ ફેલાયો છે. આગળની કાર્યવાહી ચાલુ છે..

સ્વયંસેવક સંઘની સ્થાપનાના 100 વર્ષ પૂર્ણ થતા શતાબ્દી વર્ષની ઉજવણી

# સાર્વજનિક હાઈસ્કૂલના મેદાનમાં વિરાટ હિન્દુ સંમેલન યોજાયું

(પ્રતિનિધિ) શિનોર, તા.2

શિનોર ખાતે સાર્વજનિક હાઈસ્કૂલના મેદાનમાં વિરાટ હિન્દુ સંમેલન યુવા વક્તા અને માલસર સત્યનારાયણ મંદિર ના મહંત ની ઉપસ્થિતમા યોજાયું હતું. જેમાં શિનોર નો યુવા વર્ગ ગામના વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ની સ્થાપના ના 100 વર્ષ પૂર્ણ થતા શતાબ્દી વર્ષ ની શિનોર ના સ્વયંસેવકો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. શિનોર સાર્વજનિક હાઈસ્કૂલ ના વિશાળ મેદાનમાં મોટી સંખ્યા મા કાર્યકરો યુવાનો





અને વડીલો ઉપસ્થિતિ મા સાંજે 6:00 વાગે યોજાયેલ જેમાં યુવા વક્તા જીગરભાઈ પંડ્યા (પાદરા), સત્યનારાયણ મંદિર માલસર ના મહંત જગન્નાથજી મહારાજ, તાલુકા ના કાર્યવાહક ચંદ્રકાન્ત પંચાલ, ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સર્વ પ્રથમ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ શરુ કરવામાં આવ્યો. ત્યારબાદ વક્તાઓએ હિંદુ જાગરણની નવી દિશા અને ઉર્જા અને ચેતના પ્રદાન કરવાનો તેમજ સર્વ હિંદુ સમાજ સાથે સમન્વય ભાઈચારો રહે તેવા કાર્યક્રમો કરવા, ધાર્મિક પ્રવૃતી કરી આવનાર પેઢી ને ઉજાગર કરી દેશ ભક્તિ ની ભાવના, એકતા જળવાઈ રહે તેવા પ્રયત્નો કરવાનું જણાવ્યું હતું. છેલ્લે ભારત માતા ની આરતી કરતા ભક્તિમય માહોલ સાથે ભારત માતા કી જય ના જય ઘોસ સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો હતો. બાદ મા સૌએ પ્રીતિ ભોજન સાથે લીધું હતું.

# વિદેશી દારૂ ભરેલી બ્રેઝા કાર સાથે ઈસમ ઝડપાયો

(પ્રતિનિધિ) ડભોઇ, તા.2

વડોદરા જિલ્લા પોલીસ વડા ના આદેશ અનુસાર અને ડભોઈ પોલીસ ની ટીમે બાતમી આધારે વોચ ગોઠવી સંખેડા થી ડભોઈ તરફ વિદેશી દારૂ ભરી ને આવેલી બ્રેજા કાર સાથે ચાલક ઝડપાયો હતો.કાર માં તપાસ કરતા વિદેશી દારૂના ક્વાર્ટરિયા અને બીયર ના ટીન મળી કુલ 753 નો જથ્થો મળી આવ્યો હતો.

હોળી ધૂળેટી ના તહેવાર ને લઈ કાયદો વ્યવસ્થા ને ધ્યાન માં રાખી દારૂ ની બદી ને કડક હાથે ડામી દેવા જિલ્લા પોલીસ વડા એ આદેશ કર્યો હતો.જેથી ઓપરેશન પ્રાક્રમ હેઠળ ડભોઇ પોલીસે બાતમી આધારે વોચ ગોઠવી હતી.ત્યારે સંખેડા તરફે થી વિદેશી દારૂનો જથ્થો ભરી ને કરણેટ થઈ ડભોઇ



બાયપાસ થી વેગા તરફ જતી કાર ને ડભોઇ પી.આઈ.જે.એમ. ચાવડા એ ડી સ્ટાફ ના જવાનો સાથે સરિતા બ્રિજ ઉતરતાજ આંતરી હતી. જે બાદ માં ચાલક નું નામઠામ પૂછતા તેને પોતાનું નામ રાજેન્દ્ર ઠાકોરભાઈ બારીયા રહે.માલપુર,તા.સંખેડા નો હોવાનું જણાવ્યું હતું. જેથી કાર માં તપાસ કરતા વિદેશી દારૂ ના ક્વાર્ટરિયા, બીયર ટીન મળી કુલ નંગ - 753 કી.રૂ.1,84,418, કાર ની કી.રૂ. 3,50,000 મળી કુલ મુદ્દામાલ કિ.રૂ.5,39,418 ના મુદ્દામાલ સાથે ઝડપી કસ્ટડી ભેગો કર્યો છે.

યોગ શિબીરનો શુભારંભ સાંસદ જશુભાઈ રાઠવાની ઉપસ્થિતિમાં કરાયો

# "સ્વસ્થ ગુજરાત, નશામુક્ત ગુજરાત" અભિયાન અંતર્ગત ૨ દિવસીય યોગ શિબિર

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.2

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા "સ્વસ્થ ગુજરાત, નશામુક્ત ગુજરાત" અભિયાન અંતર્ગત ૨ દિવસીય તા. ૨૭ અને ૨૮ ફેબ્રુઆરી દરમિયાન તાલુકા યોગ શિબિર પોલીસ પરેડ ગ્રાઉન્ડ, ખૂટાલિયા ખાતે યોજાઈ હતી. આ શિબિરનો શુભારંભ સાંસદ જશુભાઈ રાઠવાની ઉપસ્થિતીમાં કરવામાં આવ્યો હતો. આ યોગ શિબિરમાં યોગ અભ્યાસ અને આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતા.

યોગ શિબિરના પ્રારંભ પ્રસંગે સાંસદ જશુભાઈ રાઠવાએ પોતાના





પ્રેરણાદાયી સંબોધનમાં તેમણે યોગના વ્યાપક લાભો અંગે પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, યોગ દ્વારા શરીર, મન અને આત્માનો સર્વાંગી વિકાસ શક્ય બને છે. તેમણે ખાસ કરીને યુવાનોને દૈનિક જીવનમાં યોગને અપનાવવા અને સ્વસ્થ સમાજના નિર્માણમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો.

જિલ્લા કોર્ડિનેટર મનિષાબેન પારેખ અને ઝોન કોર્ડિનેટર રાજેશભાઈ પંચાલ, યોગ કોચ તરીકે દીપિકા દીપક પટેલ, યોગ ટ્રેનર નરેશભાઈ મહેતા, રાજુભાઈ પડકાર અને ચેતનભાઈ પંચાલ દ્વારા વિવિધ યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનની પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી.

આ પ્રસંગે નગર પાલિકા પ્રમુખ મંજુલાબેન કોલી, પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં યુવાનો, બહેનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

## પાદરા ક્ષત્રિય સેવા સમાજ દ્વારા સમૂહ લગ્નોત્સવ ૫ માર્ચે યોજાશે

પાદરા. તા. 2

શ્રી સોમનાથ મહાદેવની અસીમ કૃપાથી ક્ષત્રિય સેવા સમાજ, પાદરા તથા પૂર્વ ધારાસભ્ય જશપાલસિંહ પઢિયારના સહયોગથી આવનાર ગુરુવાર તા. ૫-૩-૨૦૨૬ના રોજ ૨૩ દીકરીઓનો ત્રીજો વિનામૂલ્યે સમૂહ લગ્નોત્સવ ભવ્ય રીતે યોજાનાર છે. સંવત ૨૦૮૨ના ફાગણ વદ-૨ (બીજ)ના શુભ દિવસે યોજાનાર આ કાર્યક્રમને લઈ સમાજમાં આનંદની લાગણી વ્યાપી છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહજી વાઘેલા તેમજ ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ ભરતસિંહજી સોલંકી ઉપસ્થિત રહી નવદંપતીને આશીર્વાદ આપશે.

ઉપરાણું લઈને ફરીયાદીને ગાળો આપી

# ધોબીકુવા ગામે ઝાડ કાપવા મુદ્દે મારામારી, ચાર સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.2

પાદરા તાલુકાના ધોબીકુવા ગામે ખેતરના શેઢા ઉપર ઝાડ કાપવાની બાબતે થયેલા વિવાદે મારામારીનું સ્વરૂપ ધારણ કરતાં ચાર વ્યક્તિઓ સામે વડુ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ફરીયાદી ચંદ્રસિંહ ઉર્ફે રમેશભાઇ ભગવાનસિંહ પઢીયાર પોતાના ઘર નજીક આવેલા ખેતરના શેઢા પર કણજીનું ઝાડ કાપી રહ્યા હતા. તે દરમિયાન આરોપી સુરેશભાઇ ચંદુભાઇ મોરી અને રંગીતભાઇ સુરેશભાઇ મોરીએ ઝાડ કાપવાની ના પાડી ગાળો બોલી ઝઘડો શરૂ કર્યો હતો.

આરોપીઓએ ફરીયાદી અને સાહેદ સાથે ગડદા-પાટુનો માર માર્યો હતો. ત્યારબાદ અતુલભાઇ કનુભાઇ મોરી પણ ઘટનાસ્થળે આવી અન્ય આરોપીઓનું ઉપરાણું લઈને ફરીયાદીને ગાળો આપી મારામારીમાં જોડાયો હતો. દરમિયાન સેજલબેન રંગીતભાઇ મોરીએ વચ્ચે પડતાં સાહેદ હિરલબેન ભુપેન્દ્રસિંહ પઢીયાર સાથે ઝપાઝપી કરી હતી.

આ ઉપરાંત આરોપીઓએ ફરીયાદીને ધમકી આપી હતી કે ફરી અમારા ઘાટમાં આવશો તો નુકસાન કરી નાખીશું. બનાવ અંગે વડુ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

જોકે આ વૃદ્ધ દંપતી પહેલાથીજ ખેતી કામ કરતા હોય તેઓને હાલ બેસી રહેવાનું ગમતું નથી

# ચંદુકાકાએ ખેતરમાં જાતે હળ ખેંચી ખેડાણ કર્યુ

(પ્રતિનિધિ) બોડેલી, તા.2

આજના આધુનિક યુગમાં બળદ જાણે ખોવાઈ ગયા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે બોડેલી તાલુકાના ધોળીવાવ ગામે એક વૃદ્ધ દંપતી ખેતરમાં બળદની જેમ જાતે જોતરાઈ ને ખેતી કરતા જોવા મળ્યા.

જોકે આ વૃદ્ધ દંપત્તિ પહેલાથીજ ખેતી કામ કરતા હોય તેઓને હાલ બેસી રહેવાનું ગમતું નથી.

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના ધોળીવાવ ગામના 65 વર્ષીય ચંદુ કાકા તેમની જીવનસંગીની અમરીબેન સાથે ખેતરમાં જાતે જોતરાઈ કરીને ખેતી કરતા જોવા મળ્યા હતા. આ એક એવા વૃદ્ધ દંપત્તિ છે કે જેઓ આજની યુવા પેઢી માટે પ્રેરના



સ્ત્રોત છે નહીં કે તેઓને તેઓના પુત્ર દ્વારા ખેતરમાં મોકલવામાં આવે છે પરંતુ પહેલાથી મહેનત કરી ચૂકેલા આ વૃદ્ધ દંપતીને બેસી રહેવાનું ગમતું નથી જેથી તેઓ પોતાના ખેતરોમાં જઈ આવા હળવા કામો જાતે કરી લે છે જે કામો કરી તેઓનો સમય પણ પસાર થાય છે અને કામ પણ થાય છે .

હાલ ઘરે ઘરે ટ્રેક્ટર અને મીની ટ્રેક્ટર જોવા મળે છે. પહેલા દરેક ખેડૂતના ઘરના આંગણે બળદ બંધાયેલા રહેતા અને ખેતીનું મોટાભાગનું કામ બળદ દ્વારા જ થતું હતું.

પરંતુ છેલ્લા બે દાયકાથી ખેતીમાં બળદ અને હળની જગ્યાએ ટ્રેક્ટરનો ઉપયોગ વધ્યો છે. ખેડામણ, નિંદામણ, વાવણી સહિતના તમામ કામો હવે યાંત્રિક સાધનો દ્વારા થાય છે.જે ખેડૂતો પાસે પોતાની સગવડ નથી તેઓ ભાડે ટ્રેક્ટર મંગાવે છે, પરંતુ જેમની પાસે ભાડાના પૈસા પણ નથી, તેવા ખેડૂતો આજે પણ જાતે હળ ચલાવી ખેતી કરે છે.

ચંદુ કાકાએ વધુમાં જણાવ્યું હતું કે, "મારી ઉંમર 65 વર્ષ છે છતાં હું અને મારી પત્ની રોજ સવારે ચા-નાસ્તો કરીને ખેતરે આવી જઈએ છીએ. અમારી તાકાત પ્રમાણે જે કામ બને તે જાતે કરી છીએ. મારા ત્રણ પુત્રો મને રોકે છે, પરંતુ મહેનત કરવાની આદતને કારણે બેસી રહેવું ગમતું નથી." આવી કામ કરવાની નિષ્ઠા એ આજની પેઢી ને પ્રેરણા રૂપ બની શકે છે.

# છોટાઉદેપુર નગરમાં ઠેર ઠેર હોલિકા દહનના કાર્યક્રમ યોજાયા

**પૂર્વ રેલ** રાજ્ય મંત્રી નારણભાઈ રાઠવા સહિત ના આગેવાનો એ હોલિકાદહન કર્યું

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.2

લોકસભા સાંસદ જશુભાઈ રાઠવા, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા, નગર પાલિકા પ્રમુખ મંજુલાબેન કોલી સહિત આગેવાનો એ નગરની મુખ્ય સરકારી હોળી ખાતે પૂજન વિધિ કરી હોળી પ્રગટાવી.

હિન્દુ સંસ્કૃતિ મુજબ હોળી ના તહેવારનું વિશેષ મહત્વ છે. આસુરી શક્તિ ઉપર પુણ્ય ના વિજય રૂપે ઉજવાતા આ પર્વમાં આજરોજ ફાગણ માસની પૂર્ણિમા એ છોટા ઉદેપુર નગર



માં વિવિધ સ્થળોએ હોલિકા દહન કરવામાં આવ્યું હતું. નગરમાં રજવાડી સમય થી મહત્વ ધરાવતા સરકારી હોળી લોકસભા સાંસદ જશુભાઈ રાઠવા, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા એ વિધિવત પૂજન વિધિ કરી હોળી પ્રગટાવી હતી. સાંસદ જશુભાઈ રાઠવા , નગર પાલિકા પ્રમુખ મંજુલાબેન કોલી સહિતના આગેવાનો મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં. જ્યારે પોસ્ટ ઓફિસ ખાતે પૂર્વ રેલ રાજ્ય મંત્રી નારણભાઈ રાઠવા સહિત ના આગેવાનો એ હોલિકાદહન કર્યું હતું. છોટા ઉદેપુર નગર ના કિલ્લા મેદાન, લાયબ્રેરી રોડ, ક્લબ રોડ વિગેરે સ્થળો એ નગરજનો હોળીના દર્શન કરી ધાણી અને શ્રીફળ લઈ પરિક્રમા કરી ધન્યતા અનુભવી હતી.